કહાન મહિમા પ્રકાશન

પુસ્તિકા ક્રમાંક : ૪૦, પુષ્પ ક્રમાંક : ૫૬ પ્રત : ૫૦૦

# રયણસાર







અર્પણ : પૂજ્ય અધ્યાત્મ યુગપુરુષ સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી

**પદ્યાનુબંધકર્તા : શ્રી ધીરજલાલ પી. દેસાઈ ''ચૈતન્યપ્રિય''**

રચના સમય : જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૨

ગુજરાતી શ્લોકની સંખ્યા : ૧૬૭ (હરિગીતિકા છંદ) (૨૮ માત્રા)

પેજ સંખ્યા : ૧૬. પંક્તિ : ૩૩૪

રચના સ્થળ : ચંપામૃત, સોનગઢ

મૂલ્ય : સ્વાધ્યાય

પ્રકાશન સમય : તા. ૨૩-૪-૨૦૧૨, સોમવાર (વિ.સં. ૨૦૬૮)

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩મી જન્મ-જયંતી, વૈશાખ સુદ-૨

સ્મરણાંજલિ : આ પુસ્તિકા પૂજ્ય માતુશ્રી લલિતાબેન પાનાચંદ અજમેરાની સ્મૃતિમાં મુમુક્ષુઓને ભેટ આપવા પ્રકાશિત કરેલ છે.

: પદ્યાનુબંધકર્તા અને પ્રકાશક :

**ધીરજલાલ પી. દેસાઈ, સુધા ધીરજલાલ દેસાઈ**

૫૯, કહાન નગર સોસાયટી, સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

ફોન નં. (૦૨૮૪૬) ૨૪૪૬૫૪ મો. : ૯૪૨૬૩૪૪૫૫૯

# રયણસાર

## મૂળ પ્રાકૃત રચના : શ્રી કુંદકુંદાચાર્યદેવ

જિનદેવ શ્રી વર્દ્ધમાનને મન, વચન, કાય ત્રિશુદ્ધિઓ વડે—
પ્રણમન કરી, હું કહી રહ્યો—શ્રાવકધર્મ પ્રસિદ્ધને. ૧

જિનવરે જેવું કહ્યું—ભાષા કરી ગણધર વડે;
અનુક્રમ પૂર્વાચાર્યથી—તે બોલતા—સમકિતી છે. ૨

મતિ, શ્રુત, જ્ઞાન ગરવથી સ્વચ્છંદથી જિન ઉપદિષ્ટને—
અન્યથા કહે, કુદૃષ્ટિ તે, જિનમારગ બહિર્ભૂત છે. ૩

સમકિત રતન સુસારમય, મોક્ષવૃક્ષનું મૂળ છે;
સ્વસ્વરૂપથી નિશ્ચય ને વ્યવહાર એ બે ભેદ છે. ૪

સાત વ્યસન, ભય રહિત, શંકાદિ ને ભોગથી રહિત છે;
આઠ ગુણયુત પરમેષ્ઠિ પાંચની ભક્તિ, તે સમકિત છે. ૫

નિજ શુદ્ધાતમ અનુરક્ત છે, જે બહારથી વિરક્ત છે;
જિન-મુનિ ધરમને માનતો, સમકિતી તે દુઃખરહિત છે. ૬

મદ, મૂઢતા, અનાયતનો, શંકાદિ અષ્ટ વ્યસન સપ્તને—
ભય, ચુમાલીસ અતીચારના ના દોષ, તે સમકિતી છે. ૭

મૂળ-ઉત્તર ગુણ, વ્યસન, દોષથી રહિત, બારભાવના,
સપ્ત અતિચાર ના, ભક્તિ સહ સીતેર ગુણધર સમકિતી કહ્યા. ૮

દેવ-ગુરુ-શ્રુત ભક્ત જે, સંસારભોગ વિરક્ત છે;
રત્નત્રય સંયુક્ત, તે મોક્ષસુખને પ્રાપ્ત કરે. ૯

દાન, પૂજા, શીલ, ઉપવાસ, વ્રત, બહુવિધ મુનિલિંગના—
સમકિત સહ છે મોક્ષકારણ, તે રહિતને ભવકૂપ સદા. ૧૦

શ્રાવક ધરમ છે દાન, પૂજા; શ્રાવક નથી તે રહિત જે;
ધ્યાનાધ્યયન મુનિ ધરમ, તે રહિત મુનિ ના હોય છે. ૧૧

દાન ન ધર્મ, ન ભોગગુણ બહિરાતમ મિથ્યાદૃષ્ટિ તે,
લોભ કષાય અગ્નિમુખ, પતંગસમ પડિ તે મરે. ૧૨

શક્તિ પ્રમાણે સુપાત્રને દાન, પૂજા શ્રાવક કરે;
સમકિતદૃષ્ટિ શ્રાવકધર્મી, તે મોક્ષમાર્ગ ગમન કરે. ૧૩

શુદ્ધ મને પૂજા કરે, ત્રિલોક અધિશ થઈ જાય છે;
દાનફળથી નિમયથી ત્રિલોકસાર સુખને લહે. ૧૪

આહારદાન જે માત્ર કરે સાગાર તે ધન્ય ખરે;
પાત્ર-અપાત્ર વિશેષ સત, દર્શન કોણ વિચારશે? ૧૫

સુપાત્રદાનથી સ્વર્ગ-ભોગની પ્રાપ્તિ કરે એ નિયમ છે;
અનુક્રમે લહે નિર્વાણ સુખ, તે જિનવર કથન જાણીએ. ૧૬

ઉત્તમ ખેતરે સારા બીજો, ફળ પૂર્ણ-મનવાંછિત મળે;
પાત્ર ઉત્તમ દાન વિધિથી સુખ ઉત્તમને પ્રાપ્ત કરે. ૧૭

જે નિજ ધન વિતરણ કરે જિનવર કહ્યા સાતક્ષેત્રને;
તે પંચકલ્યાણક શોભિત ત્રિભુવનરાજને ભોગવે. ૧૮

મા, બાપ, પુત્ર, સ્ત્રી-મિત્ર ને ધન, ધાન્ય, વસ્ત્ર, વાહનાદિનું—
વિભૂતિનું સુખ પ્રાપ્ત થવું, સુપાત્રદાનનું ફળ જાણવું. ૧૯

રાજ, નિધિ, રતન, ખજાના, રથ, હાથી, સૈન્ય છ પ્રકારનું—
ષટ ખંડ રાજ ને રાણીઓ સુપાત્ર દાનનું ફળ જાણવું. ૨૦

સુકુલ, સુરૂપ, સુલક્ષણ, બુદ્ધિ ને શિક્ષા, સુગુણ, સુશીલ તથા—
શુભચરિત, સુલેશ્યા, સામગ્રીથી દાનફળ સુપાત્રમાં. ૨૧

જે, મુનિ ભોજન અવશેષને ખાય—જિનવરદેવ કહે;
સંસારનું સુખ ભોગવી, શિવસુખની પ્રાપ્તિ કરે. ૨૨

શીત, ઉષ્ણ, વાયુ વિપુલ શ્લેશ્મ, પરિશ્રમ વ્યાધિ અને—
કાય કલેશ ઉપવાસયુત, ઉપચારરૂપ આહારાદિ દાન કરે, ૨૩

હિત, મિત, શુદ્ધ અન્ન, પાન, નિરાકુળ સ્થાન ને—
સજ્યા, આસનો ઉપકરણ આપે, મોક્ષ સુખ તે પામશે. ૨૪

અણગારહ, વૈયાવૃત્યને વિચાર કરી કરવી ઘટે;
માતા, પિતા જેમ ગરભમાં પાલન કરે છે બાળને. ૨૫

સત્ પુરુષનું દાન કલ્પવૃક્ષ સમ શોભિત બને;
લોભી જનનું જે દાન તે શવવિમાન સમાન ગણાય છે. ૨૬

કીર્તિ, યશ, પુણ્યલાભથી જ્યાં-ત્યાં દાન કરે કુપાત્રને—
ભાજન, સુગુણ, સુપાત્રને ના વિશેષ છે તે જાણશે. ૨૭

યંત્ર, મંત્ર, તંત્રની સિદ્ધિને પક્ષપાત ખુશામદ કારણે—
કાળ પંચમે ભરતમાં, જે દાન તે ના મોક્ષનું કારણ બને. ૨૮

દાની દરિદ્ર ને લોભી કેમ મહા ઇશત્વી છે બને?
દ્રવ્યકર્મ ફળના કારણે, વિપાકનું મહત્વ ખરે. ૨૯

ધન ધાન્યાદિ, સમૃદ્ધિ સુખ જેમ સહુ જીવને હોય છે;
મુનિદાનથી સુખ સફળ દુઃખ વગરનું પ્રાપ્ત બને. ૩૦

પાત્ર વિના દાન, સુપુત્ર વિના ધન બહુ વિભૂતિ મહા—
ચિતરહિત વ્રત-ગુણચરિત, વ્યર્થ તે કહેવાય છે. ૩૧

જીર્ણોદ્ધાર, પૂજા, પ્રતિષ્ઠા, તીર્થવંદનાદિના દ્રવ્ય ને—
ધન જે હરે, જિનવર કહે—નરકગામી તે બને. ૩૨

પુત્ર, કુટુંબ રહિત, દરિદ્ર પંગુ, મૂક, બહેરો, અંધ બને;
ચાંડાલાદિ કુજાતી ધરે, પૂજા-ધનાદિ દ્રવ્ય જે હરે. ૩૩

પૂજન દરવ અપહરણથી ઇચ્છિત ફળ પ્રાપ્ત નહીં;
પુણ્ય ઉદય નહીં જો હોય, ફળ ના ભોગવી શકે કદી. ૩૪

હાથ, પગ, નાક, કર્ણ અને આંગળી રહિત, અંધ બને;
તીવ્ર દુઃખ પ્રાપ્ત કરે, જો પૂજા, દાન દ્રવ્યને ગ્રહે. ૩૫

કોઢ, ક્ષય, મૂલ, લૂત, જલોદર, ભગંદર, કુષ્ટિ ને—
વાત, પિત, કફ વેદન સહે, પૂજા, દાન અંતરાયના ફળે. ૩૬

નરક, તિર્યંચ, દુર્ગતિદુઃખ, દરિદ્રતા, વિકલાંગ બને-
દેવ-ગુરુ-શાસ્ત્ર વંદન-પ્રતિષ્ઠા-દાનમાં વિઘ્ન કરે. ૩૭

સમકિત, શુદ્ધ, તપ, ચરિત ને સત્ જ્ઞાન-દાન પણ હોય છે;
ભરત પંચમકાળ માનવ નિયમથી ઉપજાવી શકે. ૩૮

ના દાન, પૂજા, શીલ ના, ના ગુણ વા ન ચારિત્ર છે;
તે નારકી, તિર્યંચ, કુમાનવમાં જશે—કહેલ છે. ૩૯

કાર્ય-અકાર્ય, પુણ્ય-પાપ, શ્રેય-અશ્રેયને ના જાણતો;
તત્ત્વ-અતત્ત્વ, ધર્મ-અધર્મ નહીં—સમકિતી ના જાણજો. ૪૦

યોગ્ય-અયોગ્ય, નિત્ય-અનિત્ય, સત્ય-અસત્ય ના જાણતો;
હેય-અહેય, ભવિ-અભવિ નહિ—મિથ્યાદૃષ્ટિ જાણવો. ૪૧

લૌકિક સંગત વાચાલ ને કુટિલ, દુષ્ટભાવી બને;
મન-વચન-તનથી સંગત જો લૌકિક જનોતણી કરે. ૪૨

ઉગ્ર, તીવ્ર, દુર્ભાવ, દુષ્ટ, દુશ્રુત, દૂર આલાપ જે—
દુરમતરત, વિરુદ્ધ છે, સમકિતથી તે રહિત છે. ૪૩

શુદ્ર, રુદ્ર, રોષી, પિશુન જે ગર્વિષ્ટ, નિંદ્ય અનિષ્ટ છે;
ગાયક, યાચક, દોષ કથ, મોહી જન-સમકિત રહિત છે. ૪૪

વાનર, ગર્દભ, મહિષ ને ગજ, વાઘ, વરાહ, કરાહ જે—
પક્ષી, જલૂક સ્વભાવ—તેને જિનવર ધરમ ના હોય છે. ૪૫

કુતપ-લિંગ-કુજ્ઞાની કુનય; કુશીલ-દર્શન-શાસ્ત્ર ને—
કુઆચરણ, કુદેવ-ગુરુ પ્રસંશકને નિમયથી સમકિત નથી. ૪૬

સમકિત વિણ સતજ્ઞાન ને સતચરિત નિયમથી ના હોય છે;
રત્નત્રયીનું સમકિત, જિન કહે ઉત્તમ હોય છે. ૪૭

તન કુષ્ટરોગી જે રીતે નિજકુળનો નાશ કરે;
મિથ્યાદૃષ્ટિ પણ દાનાદિ સુગુણનો નાશ કરે. ૪૮

દેવ, ધરમ, ગુરુ, ગુણ, ચરિત, શુભતપ, મોક્ષ મગ તથા—
જિનવર વચનને જે સમકિતવિણ તે ના માનતા હોય છે. ૪૯

ક્ષણ માત્ર પણ ના ચિંતવે મોક્ષ નિમિત્ત નિજ આત્મને—
રાત-દિન પાપને ચિંતવે, પર વસ્તુ અભિલાષા કરે. ૫૦

મિથ્યામતિ મદમોહથી ભૂલી મત્ત બકવાસ કરે;
તેમજ નિજ ના જાણતો, ના સમતાભાવને ધરે. ૫૧

સૂર્ય મહાઅંધકાર, વાયુ મેઘને, દાવાનલ વન દહે;
વજ્ર પર્વત ભેદતા, સમકિતી કર્મને ત્યમ દહે. ૫૨

જ્યમ્ અંધિયારા ઘરમહીં દીપકલાથી પ્રકાશતા;
સમકિત દીપ પ્રગટાવીને ત્રણ લોક જિન પ્રકાશતા. ૫૩

કામધેનુ, કલ્પવૃક્ષ ચિંતામણિ રતન, રસાયણ તે—
વાંછિત આપે જે રીતે, સુદૃષ્ટિને સ્વયં મળે. ૫૪

કતકફળ જળ નિર્મળ કરે, અગ્નિ રસાયણ સુવર્ણને—
સમકિતથી મળ રહિત થઈ સહજ મોક્ષને વરે. ૫૫

પૂરવ કરમની નિર્જરા નવીન કરમ બંધન નહીં,
ઉપશમ બન્ને લોકમાં મહાત્મ્ય અપૂર્વ કરે. ૫૬

સુદૃષ્ટિ નિજ સમયને વૈરાગ, જ્ઞાનથી વ્યતિત કરે;
કુદૃષ્ટિઓ દુર્ભાવમાં, આળસ, કલહમાં વ્યતિત કરે. ૫૭

ભરત દુષમ અવસર્પિણીમાં દુર્ધ્યાન અતિરુદ્ર ને
નષ્ટ, દુષ્ટ, પાપિષ્ટ ને, કઠ, ત્રિલેશ્યા બહુયુક્ત છે. ૫૮

ભરત દુઃષમ અવસર્પિણીમાં મિથ્યાદૃષ્ટિ અધિક છે;
સુદૃષ્ટિ મુનિ, ગૃહી અતિ દુર્લભ હ્યાં દેખાય છે. ૫૯

ભરત દુઃષમ અવસર્પિણીમાં પ્રમાદ રહિતનું ધ્યાન છે;
જિનવર એમ કહેલ છે, ના માનતો કુદૃષ્ટિ તે. ૬૦

અશુભભાવ ગતિ નરક ને શુભથી સુખ સ્વર્ગ મળે;
સુખદુઃખ ભાવને જાણીને, જે રુચતું તે તું કર હવે. ૬૧

હિંસાદિ, ક્રોધાદિકના, મિથ્યાજ્ઞાન, પક્ષપાતના—
અભિનિવેશ, દુર્મદ, મત્સર, લેશ્યા અશુભ વિખ્યાત છે; ૬૨

વિકથાદિ દુર્ધ્યાન ને, અસૂય નિંદ્ય પરિણામ ને
શલ્ય, ગૌરવ-પૂજા-પ્રતિષ્ઠા મહીં—અશુભભાવ ગણાય છે. ૬૩

પંચ અસ્તિ, છ દ્રવ્ય ને સાત તત્ત્વ, નવ પદાર્થ ને—
બંધ, મોક્ષ ને કારણ તેનું, બાર ભાવન ધ્યાવીને— ૬૪

રત્નત્રયો, આર્જવ ને દયાદિના ભાવો બધા;
એવો જે મારગ કહ્યો—શુભભાવ તે સૌ જાણવા. ૬૫

સમકિત ગુણથી શુભગતિ ને દુર્ગતિ મિથ્યાત્વથી;
તે જાણી ભવ્ય, બહુ શું કથે? જે રુચતું તે તું કર હવે. ૬૬

ના મોહનો ક્ષય જીવ કરે, કઠિન કાર્યને બહુ બહુ કરે;
ભવપાર ના તે પામતો, બહુ દુઃખ મૂઢ પ્રાપ્ત કરે. ૬૭

દ્રવ્યલિંગ ધરી સુખ બાહ્ય ત્યાગ જે મુનિ કરે;
ક્રિયા કરમ કરી બહિરાતમા, જન્મ-મરણો છે કરે. ૬૮

મોક્ષ નિમિત્ત દુઃખ સહે દેહના, કષ્ટ પરલોકે સહે;
મિથ્યાભાવ તો છોડ્યા નહીં, તે મોક્ષ શી રીત પામશે? ૬૯

ક્રોધાદિનો ના ત્યાગ છે, તન કષ્ટથી કરમ ના નાશ થશે;
સર્પબીલ લોક નાશ કરે, ના સર્પનો નાશ થાય છે. ૭૦

ઉપશમથી વ્રત-તપ ધારતા સંયમભાવની પ્રાપ્તિ કરે;
જો જ્ઞાની કષાય વશ બને, અસંયમ ભાવની પ્રાપ્તિ કરે. ૭૧

જ્ઞાની જ્ઞાનબળે કરે કરમ નાશ-એ અજ્ઞાન છે;
ઔષધિના જ્ઞાન માત્રથી, વ્યાધિ નહીં નષ્ટ થાય છે. ૭૨

મિથ્યામળ શોધન પ્રથમ સમકિત રસાયણ વડે;
પછી કરમનો નાશ કરવો, ચારિત્ર ઔષધિ વડે. ૭૩

અજ્ઞાની વિષય વિરક્ત ને કષાયવિણ જે પ્રાપ્ત કરે;
જ્ઞાની વિષયથી યુક્ત પણ છે લાખગણું પ્રાપ્ત કરે. ૭૪

ભક્તિ વગરનો વિનય જે, સ્નેહ વગર સ્ત્રીનું રુદન ને-
વિરાગ વિણ ગૃહત્યાગ—તે દુ:ચારિત્ર તું જાણજે. ૭૫

શૂરવીર શક્તિ વિના અને સ્ત્રી સૌભાગ્યવિણ ના શોભશે;
સંયમ, જ્ઞાન-વિરાગ વિણ ના કશું પ્રાપ્ત કરી શકે. ૭૬

વસ્તુ પૂરતી, લોભી પુરુષ ના ફળ તેનું પામતો;
અજ્ઞાની વિષય રહિત પણ ફળ નહીં તે પામતો. ૭૭

વસ્તુ સહિત જ્ઞાની સુપાત્રે દાનથી ફળ પામતો;
જ્ઞાન સહિત-વિષયોરહિત લાભ તે રીત પામતો. ૭૮

ભૂ, સુવર્ણ, સ્ત્રી, લોભરૂપે વિષય નિવારણ શી રીતે?
સમ્યક્ સહિત જ્ઞાન વિરાગનો મંત્ર છે—જિનવર કહે. ૭૯

પ્રથમ પંચેન્દ્રિય મન, વચ, તન, કષાય, હસ્ત, પગ, વશ કરે;
પછી સીર મુંડન કરે—તો મોક્ષમગની પ્રાપ્તિ કરે. ૮૦

પતિ ભક્તિ વિણ સ્ત્રી નહીં, જિનશ્રુતિ વિણ જૈન નહીં;
ગુરુ ભક્તિ વિણ શિષ્યની દુર્ગતિ નિયમથી જાણવી. ૮૧

સર્વસંગ પરિત્યાગ પણ ગુરુ ભક્તિ જો છે નહીં;
ઉસર ભૂમિમાં બીજ સમ વ્યર્થ બધું એ જાણવું. ૮૨

પ્રધાન રહિત રાજ્ય-સ્વામી-દેશ-ગ્રામ-રાષ્ટ્ર બળ હિન છે,
ગુરુભક્તિ વિણ શિષ્યગણના આચરણ વ્યર્થ ગણાય છે. ૮૩

સમ્માન વિણ પ્રેમ, ભક્તિ વિણ દાન, દયા વિણ ધર્મ ન જાણો;
ગુરુભક્તિ વિણ તપ-ચરિત સહુ, નિષ્ફળ તેને જાણો. ૮૪

ગ્રહણ-ત્યાગ વિચાર, વિરક્ત બાહ્ય ઇન્દ્રિય સુખથી;
શું તજવું—ભજવું કહો, જો શિવ સમ્મુખ છે નહીં. ૮૫

દુદ્ધર તપ, ઉપવાસ, કારણ કાય ક્લેષનું તું જાણજે;
નિજ આતમ જો શુદ્ધતા, સર્વ કર્મ ક્ષય કારણ બને. ૮૬

ના કર્મક્ષય, ના જાણતો પરબ્રહ્મ, ના સમકિત છે;
ના ગૃહસ્થ, ના સાધુ, શું કરશે પછી લિંગ ધારીને? ૮૭

ના ઓળખ, શ્રદ્ધા છે નહીં, ભાવે ન જાણે આતમા;
બહુ દુઃખ ભરેલું લિંગધારી શું લાભ તેને થાય છે? ૮૮

જ્યાં સુધી ન જાણ્યો આતમા, ત્યાં સુધી દુઃખદાતા ભાવ છે;
તેથી અનંત સુખમય આત્મનું મુનિરાજ છે ધ્યાન ધરે. ૮૯

નિજ આતમ ઉપલબ્ધિ વિણ સમકિત ના કો પ્રાપ્ત કરે;
સમકિતની પ્રાપ્તિ વિના નિશ્ચય ના મોક્ષ થશે. ૯૦

પ્રવચનસાર અભ્યાસ તે પરમાત્મ ધ્યાન કારણ ખરે;
ધ્યાન કરમને ખેરવે, મોક્ષ સુખની પ્રાપ્તિ થશે. ૯૧

ગઢ વિણ રાજા, દાન-દયા ને ધરમરહિત ઘર ના શોભતું;
જીવવિણ દેહની જેમ, જ્ઞાન વિણ તપ ના શોભતું. ૯૨

માખી શ્લેષ્મ પડી મરે, તેમ પરિગ્રહે મુનિ જો પડે;
લોભી, મૂઢ, અજ્ઞાની તે માત્ર સાધતો કાય ક્લેષને. ૯૩

જ્ઞાનાભ્યાસ વિના સ્વપર ના જાણતા તત્ત્વ કંઈ,
ના ધ્યાન, કર્મ ક્ષય નહીં, ના મોક્ષની પ્રાપ્તિ થતી. ૯૪

અધ્યયન એક ધ્યાન છે, નિગ્રહ ઇન્દ્રિ કષાયમાં—
કાળ પંચમ પ્રવચનસાર અભ્યાસ એક ઉપાય છે. ૯૫

ધર્મધ્યાનનો અભ્યાસ કરી, વિવિધ ભાવ વિશુદ્ધથી—
આતમ ધ્યાને તન્મય બને, તેના કરમ છે નષ્ટ બને. ૯૬

પાપ નિવૃત્તિ, પુણ્ય પ્રવૃત્તિનું મૂળ કારણ સુજ્ઞાન છે;
સુજ્ઞાન ધરમધ્યાન છે—જિનવર કહે સહુ જીવને. ૯૭

જે શ્રુતજ્ઞાન અભ્યાસથી સમકિત ના વિચારતો;
જે જ્ઞાન વિણ તપ આચરે, સંસાર સુખ રત જાણવો. ૯૮

તત્ત્વવિચારક, મોક્ષપથ આરાધક સ્વભાવ છે;
ધરમકથામાં લીન રહે, મુનિરાજનો સ્વભાવ છે. ૯૯

વિકથા, આધાકરમ રહિત મુનિરાજ જ્ઞાની હોય છે;
ધર્મદેશના નિપુણ જે, બાર ભાવનાથી યુક્ત છે. ૧૦૦

અવિકલ્પી, નિર્દ્વન્દ્વ છે, નિર્મોહ જે નિષ્કલંક છે;
નિજ સ્વભાવે સ્થિત તે મુનિરાજ નિર્મળ હોય છે. ૧૦૧

નિંદાવચન રહિત સહે, દુઃખ ઉપસર્ગ પરિષહો;
અધ્યયન ને શુભધ્યાન રત, પરિગ્રહવિણ યતિધરો. ૧૦૨

જે કાય ક્લેશ તીવ્ર કરે, મિથ્યાત્વભાવથી યુક્ત જે;
સર્વજ્ઞનો ઉપદેશ છે—મુક્તિ સુખ ના તે પામી શકે. ૧૦૩

રાગાદિ મળથી યુક્તને નિજરૂપ યથાર્થ દેખાય ના;
જો આરસી હોય મલિન તો નિજરૂપ યથાર્થ દેખાય ના. ૧૦૪

દંડ, શલ્ય, ત્રણ યુક્ત જે, નિંદક સાધુ જે હોય છે;
ઝઘડે, લડે, યાચન કરે—બહુ ભવ સુધી ભમતો રહે. ૧૦૫

દેહાદિકે, વિષયે રક્ત ને કષાયથી સંયુક્ત છે;
સ્વભાવ નિજ સુતો રહે—તે સાધુ સમકિત રહિત છે. ૧૦૬

આરંભ, ધન—ધાન્ય ઉપકરણ ઇચ્છે, ઇર્ષા અન્યની કરે;
ના વ્રત-ગુણ-શીલ, કલહપ્રિય, કષાયવંત, બહુ થાય છે ૧૦૭

મૂઢ, સંઘ વિરોધ, કુશીલધર, ગુરુકુળ સાથે ના રહે;
રાજાદિક સેવક સાધુને—જિનવિરોધી છે કહે. ૧૦૮

જ્યોતિષ, મંત્રથી આજિવિકા, વર્ષ વ્યવહારો કરે;
ધન, ધાન્યાદિને ગ્રહણ કરે, મુનિ સર્વને દુષિત કરે. ૧૦૯

પાપારંભરત, કષાયગૃહ, પરિગ્રહ લીન સદા રહે;
લોક વ્યવહાર લાગ્યા રહે, તે સાધુને ન સમકિત છે. ૧૧૦

ચર્મ, અસ્થિ, માંસ ટુકડે, લોભી કુતરું સાધુને ભસે;
ત્યમ પાપી પણ ધર્માત્માને જોઈને ભોંક્યા કરે. ૧૧૧

ના અન્ય બડપન સહી શકે, ને નિજની મહિમા કરે;
જિભ કાજ જે કારજ કરે, તે મુનિને ન સમકિત છે. ૧૧૨

સંયમ જ્ઞાન નિમિત્ત જે મળ્યું શુદ્ધ, ગ્રહણ કરે—
ધ્યાન, અધ્યયન કારણે—તે મુનિ શિવમગ લીન છે. ૧૧૩

ઉદરાગ્નિ, ઉપશમ, ખમન, ગોચર, ભ્રામરી પૂરણ એ;
જે વિધિથી નિજ હિત, તે રીત આહાર ગ્રહણ કરે. ૧૧૪

રસ, શુક્ર, મજ્જા, અસ્થિ ને મળ-મૂત્ર-કૃમિ ભરેલ છે;
દુર્ગંધ-ચરમમય અશુચિ ને અનિત્ય, જડ નાશવંત છે. ૧૧૫

દુઃખ ભાજન, કારણ કરમ, આ દેહ જીવથી ભિન્ન છે;
ધર્મ અનુષ્ઠાન કારણ મુનિ પાલન-પોષણ ના કરે. ૧૧૬

ક્રોધ, કલહ કર, યાચના, સંકલેષના પરિણામ જો—
રૌદ્ર, રોષથી આહાર લે, ના સાધુ, વ્યંતર માનવો. ૧૧૭

સંસાર તારણ જાણવો આહાર ધરેલો શુદ્ધ જે-
ગોળો તપેલો લોહનો—રાખેલ હાથમાં પિંડ જે. ૧૧૮

સંયમ, તપ, ધ્યાનાધ્યયન, વિજ્ઞાન હેતુ પ્રતિગૃહે—
એ સંગ્રહ છે સાધુનો તે છોડીને ગ્રહે દુઃખથી ના છૂટે. ૧૧૯

અવિરત, દેશ, મહાવિરત શ્રુતિ, તત્ત્વવિચારના,
પાત્ર હજારો પ્રકાર ભેદો જિનવરદેવ કહેલ ઘણા. ૧૨૦

ઉપશમ ધ્યાનાધ્યયન મહા, ઇચ્છા વગર ધારણ કરે;
જે મુનિ સેવા ગુણ સહિત—પાત્ર ઉત્તમ તે કહેલ છે. ૧૨૧

શુદ્ધ સમકિત, ધ્યાન ધરમ, પરિગ્રહ ના શલ્ય છે;
પાત્ર વિશેષ કહેલ છે, આ ગુણ ના—તે અપાત્ર છે. ૧૨૨

ભગવાન જિનવરદેવ કહે—સમકિતાદિ ગુણ વિશેષતા—
તેમાં સમજવી જોઈએ પાત્રપણાની વિશેષતા. ૧૨૩

ના જાણતો અરિહંતને, ન સિદ્ધ, નિજ સ્વરૂપને—
તે તપ તીવ્ર કરે ભલે, દીર્ઘ સંસારે છે ભમે. ૧૨૪

નિશ્ચય ને વ્યવહાર જે રત્નત્રય ના જાણતો,
તે તપ કરે અપાર, મૂર્છારૂપ—જિનવર ભાખીયો. ૧૨૫

તત્ત્વ સકળ જાણ્યાથી શું? તપ ઘોર કરતા લાભ શો?
સમકિત શુદ્ધ રહિતને—તપ જ્ઞાન ભવબીજ જાણજો. ૧૨૬

વ્રત, ગુપ્તિ, શીલ, પરિષહ, ચરિતતપ આવશ્યક અને-
ધ્યાનાધ્યયન સમકિતવિણ-ભવબીજ તેને જાણજો. ૧૨૭

ખ્યાતિ, પૂજા, સત્કાર ને લાભ શું ઇચ્છે જોગીશ રે!
જો ઇચ્છે પરલોક સુખ, ના સુખ ત્યાં પ્રાપ્ત થશે. ૧૨૮

કર્મ વૈભાવિક ગુણ મુનિ સ્વભાવગુણને ચિંતવે—
શુદ્ધ નિજ આતમ જે રમે, નિર્વાણ સુખ તે પામશે. ૧૨૯

મુલુત્તર, ઉત્તરુત્તર ને દ્રવ્ય ભાવકર્મથી રહિત જે;
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ જાણતા—બહુ શું કહે. ૧૩૦

વિષય વિરક્ત છૂટી જશે, વિષયાસક્ત ના છૂટશે;
બહિરાંતર, પરમાતમા વિભેદ જાણો—બહુ શું કહે. ૧૩૧

આતમ, જ્ઞાન, ધ્યાન, અધ્યયન સુખ અમૃત રસ પાન છે;
તે ત્યાગી ઇન્દ્રિય સુખ ભોગવે—તે બહિરાતમ જાણજે. ૧૩૨

કિંપાકફળ, વિષ લાડુઓ સુંદર અને સ્વાદિષ્ટ છે;
સ્વાદસુખ, દૃષ્ટિપ્રિય—તેમ ઇન્દ્રિય સુખ માનજે. ૧૩૩

દેહ, સ્ત્રી, પુતર, મિત્રાદિ ને ચેતનતણા વિભાવને—
આતમરૂપ જે જાણતો—બહિરાતમ તેને જાણજે. ૧૩૪

ઇન્દ્રિય સુખે મૂઢમતિ રમતો, ના તત્ત્વને તે પામતો—
બહુ દુઃખને ન વિચારતો—બહિરાતમ તેને ગણો. ૧૩૫

ઇન્દ્રિયના સુખ જેટલા તે સૌ દુઃખકર છે આત્મને;
જે આતમા ના ચિંતવે—બહિરાતમા કહેવાય છે. ૧૩૬

જે વિષ્ટામાં ઉપજી પછી તે સ્થાનમાં પ્રેમ કરે;
જે બહિરાતમ બાહ્ય ઇન્દ્રિય વિષયમાં તે પ્રેમ કરે. ૧૩૭

સ્વપ્ને નહીં વિષયભાવ જે ભિન્ન દેહથી છે રહે;
સ્વ સ્વરૂપનો અનુભવ કરે, શિવસુખરત મધ્યમાત્મ છે. ૧૩૮

ચિરકાળનો મળ-મૂત્રઘર, દુર્ગંધને ના છોડશે;
સમ્યક્ત્વ જળની પ્રાપ્તિ પણ અનાદિ વિષયો ના તજે. ૧૩૯

સમકિતી-જ્ઞાની કેમ કરી ઇન્દ્રિય સુખ અનુભવ કરે?
પ્રકાર કો પરિહારના, ઔષધ રોગ હરવા ગ્રહે. ૧૪૦

શીવગતિ ગમન કારણ બને, અતિ પુણ્યકારક હોય છે;
તે દ્વિવિધ આતમદરવ ભાવ સ્વરૂપી હોય છે. ૧૪૧

ચતુર્ગતિ ભ્રમણ કારણ અને પરમ દુઃખકર હોય છે;
વસ્તુસ્વરૂપી ના ભાવ—તે બહિરાતમ ભાવ કહેવાય છે. ૧૪૨

બહુ કહેવાથી શો લાભ છે—બહિરાતમ સૌ ભાવો તજી—
વસ્તુ સ્વરૂપ સ્વભાવમય ભજવા મધ્યમ પરમાતમા. ૧૪૩

દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે પર-સ્વસમયના ભેદ વડે—
આતમ જાણે—મોક્ષમગ પથ નાયક તે ગણાય છે. ૧૪૪

બહિરાંતર જીવને પરસમય જિનેશ્વર દેવ કહેલ છે;
પરમાતમા સ્વસમય, ગુણસ્થાનકે ભેદ કહેલ છે. ૧૪૫

મિશ્ર સુધી બહિરાતમા, ચોથે જઘન્ય ગણેલ છે;
અગિયાર મધ્ય, બાર ઉત્તમ, સકલ-નિકલ પરમાતમ બને. ૧૪૬

મૂઢતા—શલ્ય ત્રય, દોષ ત્રય ને દંડત્રય, ગર્વથી રહિત છે;
ત્રિદોષ સર્વથી રહિત મુનિ, મોક્ષમગપથ સ્વામી બને. ૧૪૭

ત્રિરત્નથી, ત્રિકરણથી, ત્રિગુપ્તિ થકી જે શુદ્ધ છે;
તે યોગી મોક્ષ પહોંચવાના માર્ગનો નાયક બને. ૧૪૮

બાહ્યાભ્યંતર ગ્રંથી રહિત શુદ્ધોપયોગે લીન છે;
મુલુત્તરગુણ પૂર્ણ મુનિ, મોક્ષપથ નાયક બને. ૧૪૯

જન્મ, જરા, મરણાદિ દુઃખ અહિવિષને દૂર કરે,
તે સમકિત શિવલાભ મુનિ-સાંભળ, ભાવજે, ધારજે. ૧૫૦

બહુ બહુ કહેવાથી લાભ શો? ઇન્દ્ર, નરેન્દ્ર, ધરણેન્દ્રથી-
પરમાતમા પૂજિત થયા, સમકિત તણા પ્રધાનથી. ૧૫૧

ઉપશમ સમકિતનો નાશ જો ઉદય તીવ્ર મિથ્યાત્વનો—
વૃદ્ધિ કષાયની થાય છે, અવસર્પિણી દોષ જાણવો. ૧૫૨

મૂળ, અણુગુણ, તપ, સમતા, પ્રતિમા, દિનભોજન, જળ ગાળીને—
દર્શન, જ્ઞાન, ચરિતધર—એ ત્રેપન ક્રિયા કહેલ છે. ૧૫૩

અગ્નિશિખામાં ભુક્ત-અભુક્ત ભસ્મ થાય છે;
યોગ્ય-અયોગ્ય ને રાત્રી ભક્ષણ કરે—ના સંયમી છે. ૧૫૪

જ્ઞાનથી ધ્યાનની સિદ્ધિ ને ધ્યાનથી નિર્જરા કરમની કરે;
નિર્જરા ફળથી મોક્ષ, જ્ઞાનાભ્યાસ પ્રથમ હોય છે. ૧૫૫

તપાચરણે પ્રવીણ ને સંયમ—વિરાગ વૃદ્ધિ થાય છે;
શ્રુતજ્ઞાનનાં અભ્યાસથી એ ત્રણની પ્રાપ્તિ થાય છે. ૧૫૬

સંસારમાં અનાદિકાળથી પંચ પરાવર્તન ભ્રમણ કરે;
સમકિતની પ્રાપ્તિ નહીં, ભવ-ભવમાં ભટકતો રહે. ૧૫૭

સમકિતની પ્રાપ્તિ થતાં, પ્રાપ્તિ મહા સુખની ગણો;
શુદ્ધ સમકિત જ્યાં નથી, દુઃખી મહા એ જાણવો. ૧૫૮

બહુ વચનથી શો લાભ છે? સમકિત વિણ સહુ દુઃખ છે;
જો સમકિતની પ્રાપ્તિ કરે, સર્વત્ર તો સુખ જ દીસે. ૧૫૯

પ્રમાણ, નય, નિક્ષેપ ને શબ્દાલંકાર, છંદ નિપુણ છે;
નાટક, પુરાણ, કાર્ય નિપુણ—સમકિત વિણ બહુ સંસારી છે. ૧૬૦

વસતિ, પડિમા, ઉપકરણ ગુણ, ગચ્છ, સમય સંઘ જાતિમાં—
કુલ, શિષ્ય, પ્રતિશિષ્ય, પુત્ર, પૌત્ર, વસ્ત્ર પુસ્તકમાં— ૧૬૧

પીંછી, પથારી, ત્યાગ સુખમાં લોભ, મમતા મુનિવર કરે—
તે આર્ત—રૌદ્ર ધ્યાન કરી, ના મોક્ષ સુખને પામશે. ૧૬૨

રત્નત્રય ગુણ ગચ્છ છે, ગુણ સમૂહ તેનો સંઘ છે;
નિર્મળ આતમ સમય છે, મોક્ષમગ વિચરતા સાધુને. ૧૬૩

જિનલિંગધર, જ્ઞાની પૂરણ, વૈરાગ્યને ધારણ કરે;
વિરાગી પરમ, સમકિતવંત છે મોક્ષનો સ્વામી બને. ૧૬૪

સમકિત, જ્ઞાન, વિરાગ, તપ, ચારિત્રની વૃદ્ધિ કરે;
શીલ, સુભાવ, સ્વભાવને આ **રયણસાર** આપશે. ૧૬૫

આ ગ્રંથને દેખે નહીં, માને નહીં, ના સાંભળે;
ના ભણે, ચિંતવન ના ભાવના, કુદૃષ્ટિ તેને જાણજે. ૧૬૬

આ **રયણસાર** સજ્જન પૂજ્ય, આળસ તજી વાચન કરે;
તે સાંભળે, ભાવન કરે, નિવૃત્તિથી, તે મોક્ષ વરે. ૧૬૭

* * *

ફેર નકલ : તા. ૨૬-૨-૨૦૧૨, રવિવાર

(શ્રી **સમયસાર** ગાથા ૩૨૦ '**જયસેનાચાર્ય કૃત ટીકા**' ગુજરાતી અનુવાદનો આધાર)

નિષ્ક્રિય, ધ્યેયરૂપ છે, જે સકળ નિરાવરણ છે;
અખંડ છે, જે એક છે, તે શુદ્ધ પારિણામિક છે. ૧
જે સહજ, શુદ્ધ જ્ઞાન છે, અવિનશ્વર જે શુદ્ધ છે;
પ્રત્યક્ષ પ્રતિભાસમય રહે, તે શુદ્ધ પારિણામિક છે. ૨
કારક નથી, વેદક નથી, જે શૂન્ય છે કર્તૃત્વથી;
ભોક્તૃત્વથી છે શૂન્ય જે, તે શુદ્ધ પારિણામિક છે. ૩
ના ભાવનારુપ વળી ના રાગક્રિયારૂપ છે;
મોહાદિથી ના ઢંકાય જે, તે શુદ્ધ પારિણામિક છે. ૪
શુદ્ધભાવનારૂપ પરિણતિ, તે ક્રિયારૂપ ના હોય જે;
રાગાદિ પરિણત જે નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૫
શુદ્ધોપયોગથી ભિન્ન જે, શુદ્ધ ઉપાદાનરૂપ છે;
જે શુદ્ધ આતમ દ્રવ્ય છે, તે શુદ્ધ પારિણામિક છે. ૬
દ્રવ્યરૂપ છે, પર્યાય ના, જે શક્તિરૂપે મોક્ષ છે;
જે વિદ્યમાન સદાય છે, તે શુદ્ધ પારિણામિક છે. ૭
જે બંધકારણ શૂન્ય છે, છે મોક્ષકારણ શૂન્ય જે;
બંધ, મોક્ષને જાણે જ છે, તે શુદ્ધ પારિણામિક છે. ૮
બંધ પરિણામથી શૂન્ય ને મોક્ષપરિણામે શૂન્ય જે;
કર્મોદયને જાણે જ છે, તે શુદ્ધ પારિણામિક છે. ૯
જે અકર્તૃત્વરૂપ વળી, જે અભોક્તૃત્વરૂપ છે;
શુદ્ધભાવના પરિણત ક્રિયા નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૦
પરમાતમ નિજ દ્રવ્ય જે, શુદ્ધ જીવત્વરૂપ છે;
જે મોક્ષમાં પણ હયાત છે, તે શુદ્ધ પારિણામિક છે. ૧૧
નય જે શુદ્ધદ્રવ્યાર્થિક છે, તે નયાશ્રિત જે હોય છે;
દશ પ્રાણરૂપ પણ જે નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૨
જે બંધ પરિણતિ રહિત છે, મોક્ષ પરિણતિ પણ જ્યાં નથી;
ભવ્યત્વ-અભવ્યત્વ નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૩
હો નિર્જરા સકામ કે હો નિર્જરા અકામને;
જે જાણતો, કરતો નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૪
હો નિર્જરા સવિપાક કે હો નિર્જરા અવિપાકને;
જે જાણતો, કરતો નથી, તે શુદ્ધ પારિણામિક છે. ૧૫
એ રીત સમયસારની ગાથા ત્રણસો વીસ જે;
જયસેન આચાર્ય ટીકા, શુદ્ધ પારિણામિક વર્ણવે. ૧૬

શુદ્ધ પારિણામિક ભાવ

## 'કહાન મહિમા' પ્રકાશન (ચૈતન્યપ્રિય રચિત પદ્ય રચનાઓ)ના પુષ્પોની યાદી

૧. કહાન મહિમા ૩૪ ૧૯૬૫
૨. જીવસૂત્ર ૩૧૨ ૨૦૦૧
૩. સમકિતસૂત્ર ૩૯૩ ૨૦૦૧
૪. પુણ્ય-પાપસૂત્ર ૪૦૭ ૨૦૦૨
૫. કારકસૂત્ર ૬૩૩ ૨૦૦૨
૬. દૃષ્ટિસૂત્ર ૩૯૫ ૨૦૦૨
૭. માત મહિમા ૩૨ ૨૦૦૨
૮. માર્ગસૂત્ર ૨૫૫ ૨૦૦૨
૯. ઉપાદાનસૂત્ર ૨૫૧ ૨૦૦૩
૧૦. ભાવનાસૂત્ર ૧૮૦ ૨૦૦૩
૧૧. નયસૂત્ર ૮૬ ૨૦૦૩
૧૨. જ્ઞાનસૂત્ર ૯૬ ૨૦૦૩
૧૩. દેવસૂત્ર ૪૫૭ ૨૦૦૩
૧૪. દ્રવ્યસૂત્ર ૧૦૫ ૨૦૦૩
૧૫. પુરુષાર્થસૂત્ર ૧૬૦ ૨૦૦૩
૧૬. પંચતત્ત્વસૂત્ર ૧૯૪ ૨૦૦૩
૧૭. ચંપામૃત (હિન્દી) ૧૧૯૯ ૨૦૦૪
૧૮. કહાનામૃત (હિન્દી) ૧૦૭૦ ૨૦૦૪
૧૯. ચંપામૃત(ગુજરાતી) ૧૧૯૯ ૨૦૦૪
૨૦. કહાનામૃત (ગુજરાતી)૧૧૭૦ ૨૦૦૪
૨૧. જૈન ભજન ભાગ-૧ ૫૭ ૨૦૦૫
૨૨. ધન્યાવતાર દ્વિશતક ૨૦૦ ૨૦૦૬
૨૩. દેવ-ગુરુ-શાસ્ત્ર અશાતના ૧૪૮ ૨૦૦૭
૨૪. નવયુગ વિશેષાંક (૧) ૮ ૩-૨૦૦૭
(૭૫ સમ્યક્ત્વ જયંતી વિશેષાંક) અમરેલી
૨૫. નવયુગ વિશેષાંક (૨) ૭ ૪-૨૦૦૭
(૧૧૮ જન્મજયંતી વિશેષાંક) અમરેલી
૨૬. કહાન તત્ત્વસાર ૩૯૦૦ ૨૦૦૭
૨૭. નવયુગ વિશેષાંક (૩) ૨૨ ૮-૨૦૦૭
(૯૪મી જન્મ-જયંતી વિશેષાંક) અમરેલી
૨૮. નવયુગ વિશેષાંક (૪) ૮ ૯-૨૦૦૭
(દશલક્ષણ પર્વ વિશેષાંક) અમરેલી
૨૯. મહાવીર ૪૦૦ ૨૦૦૭
૩૦. નિયમસાર પદ્ય ૧૭૬૦ ૨૦૦૮
૩૧. થી ૩૪ નવયુગ, નવસર્જન વિશેષાંક ૫ થી ૮
૩૫. છ ઢાળા પદ્ય ૫૬૦ ૨૦૦૮
૩૬. સમયસાર પદ્ય ભાગ-૧ ૭૨૮ ૮-૦૮
૩૭. સમયસાર પદ્ય ભાગ-૨ ૧૭૪૦ ૧૧-૦૮
૩૮-૩૯-૪૦. સફળ શિક્ષક ભાગ-૧-૨-૩
૪૧. જૈન તત્ત્વ વર્ગીકરણ ભાગ-૧ ૨૦૦૯
૪૨. સફળ શિક્ષક ભાગ-૪ ૨૦૧૦
૪૩. નવસર્જન વિશેષાંક (૯૭મી જન્મજયંતી)
૪૪. બાહુબલી શતક (૧૦૦ શ્લોક) ૨૦૧૦
૪૫. સફળ શિક્ષક ભાગ-૫ ૨૦૧૦
૪૬. સફળ શિક્ષક ભાગ-૬ ૨૦૧૧
૪૭. રત્નમાલા પદ્ય ૨૦૧૧
૪૮/૩૬ વિદેહમાં બહેનશ્રી ૨૦૧૧
૪૯/૩૭ નવસર્જન (૭૯મી સમ્યક્ત્વજયંતી)
૫૦/૩૮ સફળ શિક્ષક ભાગ-૭ (અડતાળા)
૫૧/૩૯ પંડિતપૂજા ૫૨/૩૯ માલારોહણ
૫૩/૩૯ કમલબત્તીસી ૫૪/૩૯ બાર ભાવના
૫૫/૩૯અનિત્યપંચાશત૫૬/૪૦રયણસાર

## શૈક્ષણિક કાર્યક્રમોની ઝલક

* ૧૨૫ શૈક્ષણિક લેખો, ધબકાર, સુરત * ૨૦૦૦ ચિત્રોનું પ્રદર્શન * ૨૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનો * ૫૦૦ શાળા કોલેજો માટે ફન પ્રોગ્રામ્સ * ૧૦ શૈક્ષણિક વર્કશોપ આયોજન * ૧૦૦૦ જૈન તત્ત્વજ્ઞાનની ટ્રાન્સપરન્સી * ૧૦૦૦ શૈક્ષણિક વ્યાખ્યાનોની ટ્રાન્સપરન્સી * ૨૫ હેલ્થકેર આલ્બમ (સંકલન) * ૪૦ જેટલા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સેમિનાર * ૫ શૈક્ષણિક રાષ્ટ્રીય સેમિનાર પેપર્સ * ૩૧ વર્ષ બી.એડ. કોલેજ (વ્યાખ્યાતા, પ્રિન્સીપાલ) * ૫ વર્ષ માધ્યમિક શાળા (આચાર્ય) * ૨૫ શિક્ષણ/મનોવૈજ્ઞાનિક સાહિત્યના આલ્બમ * ૨૦ મનોવૈજ્ઞાનિક કસોટીઓનું પરીક્ષણ મૂલ્યાંકન * ૫૦૦૦ ગણિત કોયડાઓનું સંકલન * ૨૦૦ વિજ્ઞાનનાં મનોરંજક પ્રયોગો * ૨૦ મનોવિજ્ઞાનનાં પ્રયોગો * સેંકડો વર્તમાન-પત્રનાં સમાચારોનું આલ્બમ * ૧૫૦ સંમોહનનાં પ્રયોગો * શાળા/કોલેજોમાં સેંકડો વ્યાખ્યાનોનું આયોજન * ૧૨,૦૦૦ શ્લોક / ૧૦૦ ભજનો.(જૈન)/ ૧૦૦ ડીવીડી. મોબાઈલ પ્રોજેક્ટરમાં જૈન ભજન રેકોર્ડીંગ



## લેખકનો પરિચય

**નામ :** ધીરજલાલ પુરુષોત્તમ દેસાઈ(ચૈતન્ય પ્રિય)

**કાર્યક્ષેત્ર :** સોનગઢ, ઉગામેડી, ભાવનગર માધ્યમિક શાળાઓ. લોકભારતી સણોસરા – બી. એડ્. કોલેજ, વિજ્ઞાન અધ્યાપક તથા પ્રિન્સીપાલ, ૬ વર્ષ માધ્યમિક શાળા + ૩૧ વર્ષ બી.એડ્. કોલેજ.

**શિક્ષણ કાર્ય :** વિજ્ઞાન, ગણિત, મૂલ્યાંકન, શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, સમસ્યાઓ, શૈ. પ્રવાહો, એજ્યુકેશનલ ટેકનોલોજી, આંકડાશાસ્ત્ર વગેરે અનેક વિધ વિષયોનું શિક્ષણ કાર્ય.

**સેવાકાલિન પ્રશિક્ષણ :** દિલ્હી, મુંબઈ, ઈંદોર, ઉદયપુર, વડોદરા, અમદાવાદ, સુરત, દ્વારકાના રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના ૪૦ જેટલા સેમિનાર્સ, વર્કશોપ.

**પેપર્સ રજૂઆત :** લો કોસ્ટ ફોટોગ્રાફિક મીડિયા, એજ્યુકેશનલ વેલ્યુઝ, વર્ક સેન્ટર્ડ એજ્યુકેશન, સફળ શિક્ષક, પ્લાનીંગ ઓફ એજ્યુકેશનલ મેથડસ વગેરે પેપર્સ સેમિનાર્સમાં રજૂ કરેલ છે.

**શાળા–કોલેજોમાં વ્યાખ્યાનો :** પ્રાથમિક, માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં ફન પ્રોગ્રામ્સ, મનોવૈજ્ઞાનિક પ્રયોગો, મનોવૈજ્ઞાનિક પરીક્ષણ, વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી, મૂલ્યાંકન, તત્ત્વજ્ઞાન, વસ્તી શિક્ષણને ભગતા સેંકડો દાર્શનિક વ્યાખ્યાનો આપેલ છે.

**લેખન કાર્ય :** ૧૨૦૦૦ હરિગીતિકા છંદમાં જૈન તત્ત્વ જ્ઞાનનાં શ્લોકો, ૧૦૦ ભજનોની રચના કરીને પ્રકાશિત કરેલ છે. કુલ ૨૦૦૦ પેઈઝના ૫૬ પ્રકાશનોની ૫૦૦૦૦ જેટલી નકલો ભેટ આપેલ છે.

કુલ ૧૨૫ જેટલા શિક્ષણશાસ્ત્ર, સંશોધન, મનોવિજ્ઞાનનાં લેખો વર્તમાન પત્રો તથા સામાયિકોમાં પ્રકાશિત થયેલ છે. જેની ૩ પુસ્તિકાનો 'જ્ઞાનતુલા' પ્રકાશનોમાં સમાવેશ થયેલ છે. જેની ટ્રાન્સપરન્સી, પ્રદર્શન વગેરે પણ તૈયાર થયેલ છે. જેના 'સફળ શિક્ષક ભાગ ૧ થી ૭' પ્રકાશિત થયેલ છે.

**જૈન ભજનોનું ઓડિયો–વિડિયો રેકોર્ડિંગ :** ૬૨ જેટલા સ્વરચિત ભજનોનાં ૪૦ જેટલી ઓડિયો કેસેટસ તથા ૧૦૦ જેટલી વીસીડી, ડીવીડીમાં આલ્બમ તૈયાર થયેલ છે. જેની હજારો નકલો ભેટ આપવામાં આવેલ છે. પ્રોજેક્ટર મોબાઈલમાં જૈન ભજનો તથા ફન પ્રોગ્રામ ડાઉનલોડ અને તેના ૩૫ ટીવી એપીસોડ પ્રસારિત થયેલ છે.

**ફન પ્રોગ્રામનું રેકોર્ડિંગ :** સેંકડો વિજ્ઞાન, ગણિત, મનોવિજ્ઞાન, પેપર, જાદુનાં પ્રયોગોની ડી.વી.ડી., વી.સી.ડી. તૈયાર થયેલ છે. જે ભેટ આપવામાં આવે છે.